## રાયગઢમાં વિનામૂલ્યે ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો...




હિંમતનગર તાલુકાના રાયગઢ ગામે ખોડીયાર સેવા ટ્રસ્ટ અને ગુલાબદાસ એન્ડ કંપનીના સંયુક્ત ઉપક્રમે જરૂરિયાતમંદ ગરીબ પરિવારના બાળકોને વિનામૂલ્યે ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બી.ઝેડ. ગ્રુપના સીઈઓ ભુપેન્દ્રસિંહ ઝાલા તેમજ સ્થાનિક સરપંચ જેસીંગભાઈ પટેલ શુભેચ્છક તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## બાયડ પાલિકા વિસ્તારની આંગણવાડીમાં પ્રવેશોત્સવ



બાયડ નગરપાલિકા વિસ્તારમાં આવેલ આંગણવાડી કેન્દ્ર ૧, ૨ અને ૯માં પ્રવેશોત્સવ યોજાઈ ગયો જેમાં નાનાં ભૂલકાંને કુમ કુમ તિલક કરી આંગણવાડીમાં પ્રવેશ આપવામાં આવ્યો ત્યારે વોર્ડ નં.૨ ના કોર્પોરેટર પ્રકાશભાઈ સોલંકી, આંગણવાડી કાર્યકર પારુલબેન શ્રીમાળી, મીનાબેન પંજાબી અને જયાબેન રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

## મોડાસામાં એક્ટિવા પર માતા પુત્રીને શાળાએ મુકવા જતા રીક્ષાએ અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત

અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં કેટલાક રીક્ષા ચાલકો બેફામ ગતિએ રીક્ષા હંકારી તેમજ રિક્ષામાં મોટા અવાજે ટેપ વગાડી લોકોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે મોડાસા શહેરના ભેરુંડા રોડ પર એક રીક્ષા ચાલકે બેફિકરાઈ પૂર્વક રીક્ષા હંકારી વહેલી સવારે એક્ટિવા પર સ્કૂલે જતી માં-દીકરીને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માતમાં માતા-દીકરી ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા જ્યાં માતાને ગંભીર ઈજાઓ પહોંચતા વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાઇ હતી અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. અરવલ્લીના મોડાસાના કૉલેજ રોડ પર સ્કૂટી અને રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો છે. જેમાં વહેલી સવારે સ્કૂલે જઈ રહેલી મા-દીકરીને ટક્કર વાગી હતી. રિક્ષા ચાલકે ટક્કર મારતા માતાને ગંભીર ઈજા પહોંચી છે. બીજા તરફ વિદ્યાર્થિનીને ચહેરા પર ઈજા પહોંચી હતી. અકસ્માતમાં ઘાયલ માતાને સારવાર માટે અમદાવાદ ખાતે ખસેડવામાં આવી હતી. માતા દીકરીને મૂકવા માટે જે. બી. શાહ સ્કૂલ ખાતે જઈ રહી હતી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

## ડીસામાં દિવ્યાંગોને નાસ્તો અને પાલનપુરમાં વૃદ્ધોને તિથિ ભોજન



ડીસા નગરપાલિકા નિર્મિત અને અંધજન મંડળ અમદાવાદ દ્વારા સંચાલિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય દિવ્યાંગ ભવન, ખુશીઓનું સરનામું ડીસા ખાતે માળી પરિવારના શાકભાજીના વેપારી રૂપાજી ગીરધારજી પરમાર (માળી) ના સુપુત્ર સ્વ. ખેતુભાઈ પરમારનું અકાળે દુઃખદ અવસાન થયું હતું ત્યારે આજે એમની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ડીસા શહેરના દીનદયાળ ઉપાધ્યાય દિવ્યાંગ ભવન ખાતે ન્આવેલા સેન્ટરના મૂકબધિર અને દિવ્યાગ ભાઈ બહેનોને નાસ્તો આપવામાં આવ્યો હતો અને પપાલનપુર ખાતે આવેલ વૃદ્ધાશ્રમમાં ૭૦ જેટલા વૃદ્ધ લોકોને તિથિ ભોજન કરાવી સ્વ. ખેતુની આત્માને શાંતિ મળે તેવા વૃદ્ધ લોકો પાસેથી આશીર્વાદ લીધા હતા. સ્વ. ખેતુની યાદમાં દર મહિને તેના પિતા રૂપાજી ગિરધારીજી દ્વારા નાનું મોટું કંઈક પણ દાન કરવામાં આવે છે જેવા કે ગૌશાળામાં દાન, શ્રીમદ ભાગવત જ્ઞાન યજ્ઞ ૭ દિવસની કથા, રક્તદાન, ભૂખ્યાને ભોજન, નાના બાળકોને સ્કૂલોમાં તિથિ ભોજન જેવા અનેક સતકાર્ય કરવામાં આવે છે.

## તાળાબંધી: હરીયાવાડાની પ્રાથમિક શાળાના નબળા શિક્ષણને લઇ વાલીઓએ તાળાબંધી કરી

નિવેડો લાવવાની ખાતરી આપતા, શાળાના તાળા ખોલવામાં આવ્યા..



હરિયાવડા ગામની પ્રાથમિક શાળાના કથળતા શિક્ષણ ને લઈ વાલીઓ તેમજ ગામલોકો ભેગા મળી શાળાની તાળાબંધી કરી વિવાદિત શિક્ષકોની બદલીની માંગ કરતા તાલુકા શિક્ષણ અધિકારી સ્થળ પર પહોંચી ગામલોકોની ફરિયાદનો નિવેડો લાવવા ખાતરી આપતા,શાળાના તાળા ખોલવામાં આવ્યા હતા.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે .જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, હરીયાવાડા ગામની પ્રાથમિક શાળામાં નવું સત્ર શરૂ થઈ ગયા બાદ પણ શિક્ષણમાં સુધારો નહીં આવતા રોષે ભરાયેલા વાલીઓએ મંગળવારે શાળાના દરવાજે તાળું મારી વિરોધ વ્યક્ત કર્યો હતો. દાંતીવાડા તાલુકાના હરિયવાડા ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતાં શિક્ષકોનો વચ્ચે છેલ્લા ઘણા સમયથી આંતરિક વિખવાદના લીધે શાળાનું શિક્ષણ કથળી રહ્યું હોવાથી વાલીઓ પણ રોષે ભરાયા હતા.જેને લઈ મંગળવારના વહેલી સવારે વાલીઓ સહિત ગામલોકો શાળાએ પહોંચી તાળાબંધી કરી હતી,ઘટનાની જાણ બાદ તાલુકા શિક્ષણ અધિકારી સ્થળ પર પહોંચી વાલીઓ અને ગામલોકોની ફરિયાદનો નિવેડો લાવવા ખાતરી આપતા,શાળાના તાળા ખોલવામાં આવ્યા હતા.

# ધનસુરા તાલુકામાં વાવાઝોડા બાદ ખેતી વિષયક વિજ પુરવઠાના ધાંધિયા

### ૩૦ થી વધુ ધરાશાયી થયેલા વિજ થાંભલા ઉભા કરવામાં મંથરગતિ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૯

ધનસુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વાવાઝોડું ફૂંકાયા પછી ધરાશાયી થયેલા ૩૦ થી વધુ વિજ થાંભલા ફરીથી ઉભા કરવામાં મંથરગતિનું કામ ચાલી રહ્યું છે. વિજ તંત્રના અધિકારીઓની નિષ્ક્રિયતાના કારણે બાડેરાકંપા, રામપુરા, બાજીપુરા, દોલપુર કંપા, હીરાપુરકંપા તેમજ શિણોલ સહિતના ગામડાઓમાં વાવાઝોડા પછી પણ ખેતી વિષયક વિજ પુરવઠાના ધાંધિયાથી ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ખેતરોમાં ખેતી વિષયક વિજ જોડાણ આપવા સમયે કોન્ટ્રાક્ટરો દ્વારા ઓછી ઉંડાઈએ થાંભલા ઉભા કરવામાં આવતા હોય છે જેના કારણે સામાન્ય વરસાદ કે વાવાઝોડું ફૂંકાય તે સમયે



અસંખ્ય થાંભલા જમીન દોસ્ત થઈ જતા હોય છે. આ વખતે પણ ધનસુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ૨ દિવસ પૂર્વે વરસાદ સાથે વાવાઝોડું ત્રાટકતાં ૩૦ થી વધુ થાંભલા કડડભૂસ થઈ જમીન દોસ્ત થતાં ખેતી વિષયક વિજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. વાવાઝોડાને ૨ દિવસ વિત્યા હોવા છતાં વિજ તંત્ર દ્વારા થાંભલા ઉભા કરવાની કામગીરી ગોકળગાયની ગતિએ ચાલી રહી છે જેના કારણે અનેક વિસ્તારોમાં ખેતી વિષયક પુરવઠો રાબેતા મુજબ શરુ થઈ શક્યો ન હોવાથી ખેડૂતોમાં ચણભણાટ શરૂ થયો છે. અધિકારીઓની નિષ્ક્રિયતાના કારણે ચોમાસાની સીઝનમાં ખેતી માટે મહત્વના વિજ પુરવઠામાં ધાંધિયા શરુ થઈ ગયા છે. જયારે વિભાગના અધિકારીઓ ખરા સમયે ખેડૂતોના ફોન ઉપાડતા ન હોવાની વ્યાપક ફરિયાદો સામે આવી છે. કેટલાક વિસ્તારોમાં વિજ તંત્રની ટીમોએ તાબડતોબ દોડી જ્યોતિગ્રામ યોજના અંતર્ગત વિજ પુરવઠો શરુ કર્યો પરંતુ કેટલાક ગામડાઓમાં હજુ પણ ખેતી વિષયક વિજ પુરવઠો ખોરવાયેલો રહેતાં તંત્રની અણઆવડત છતી થઈ છે. તાલુકાના અનેક ગામડાઓમાં વાવાઝોડાને ૨ દિવસ વિત્યા હોવા છતાં જમીન દોસ્ત થયેલા વિજ થાંભલા ઉભા ન થઈ શકવાના કારણે ખેતી લક્ષી વિજ પુરવઠાને માઠી અસર થઈ છે.

### વધુ એક ભેળસેળીયો દંડાયો

# યાત્રાધામ શામળાજીમાં પાપડીમાં ભેળસેળ પકડાતાં રૂા. ૨૦ હજારનો દંડ

### પાપડીના નમૂનામાં ફૂડ કલરની ભેળસેળ જણાઈ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૯ - ભિલોડા તાલુકાના યાત્રાધામ શામળાજીમાં વેપારીના ત્યાંથી લીધેલા ખાદ્ય પદાર્થ પાપડીમાં ફૂડ કલરની ભેળસેળ જણાઈ આવતાં ખોરાક અને ઓષણ નિયમન વિભાગ દ્વારા બાપ-બેટાને સંયુક્ત રીતે રુ ૨૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. યાત્રાધામમાં આવી હાલત હોય તો અન્ય વિસ્તારોમાં પ્રજાના આરોગ્ય સાથે કેવાં ચેડાં થતાં હશે..?? તેની ચર્ચા ઉઠી છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ભેળસેળીયા તત્વોને તંત્રના આશીર્વાદ હોવાના કારણે માત્ર આચમન રુપ ભેળસેળ પકડાય છે અને મોટાભાગના કિસ્સાઓમાં પાછલા બારણે બધું સંકેલી લેવામાં આવે છે. અરવલ્લીના યાત્રાધામ શામળાજીમાં રોહિત સતિષ શર્મા અને સતિષ બાલકિશન શર્માના ત્યાંથી ફૂડ વિભાગ દ્વારા પાપડીનો નમૂનો લઈ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યો હતો. લેબ રિપોર્ટમાં પાપડીના નમૂનામાં ફૂડ કલરની ભેળસેળ પકડાઈ હતી જેથી વિભાગ દ્વારા બાપ-બેટાને રુ ૨૦ હજારનો દંડ કરવામાં આવ્યો છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં પાપડીના શોખીનો માટે હવે સાવધાની રાખીને નાસ્તો કરવો પડે તેવી સ્થિતિ જોવા મળી છે.

## એકનાથ બન્યા વિભિષણ... શિવસેનાના ઉદ્ધવથી નારાજ શિવસૈનિકો...

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૨૯

શિવસેના એટલે કટ્ટર હિન્દુત્વવાદી પક્ષ!! ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી બનવું હતું એટલે તેમણે મન મનાવ્યું અને જેમની જોડે આંખો લડતી હતી તેવા કોંગ્રેસ અને NCP જોડે સમાધાન કરી મહારાષ્ટ્રમાં સરકાર બનાવી.... 'મહારાષ્ટ્ર સરકાર બની તેના પહેલા દિવસથી શિવસૈનિકો અને તેમના વિધાયકો નારાજ હતા....' પણ સત્તાની લાલચમાં ઉદ્ધવ ઠાકરેએ કોઈનું માન્યું નહિ... બાલાસાહેબનું માન જાળવીને સૌ વિધાયકો ચૂપ રહ્યા... પણ મહારાષ્ટ્ર વિકાસ અઘાડી સરકાર બની, પરંતુ પાયાના શિવસૈનિકોને આ વાત મંજૂર નહોતી!! મુસ્લિમ તુસ્ટિકરણ કરનારી કોંગ્રેસ અને દ્રૐ ને આંખે જોયું વેર હતું જ... ઉદ્ધવ ઠાકરે સત્તાના મોહમાં ધૃતરાષ્ટ્ર બની મહારાષ્ટ્રમાં મોટી રાજકીય ખાઈ ખોદી રહ્યા હતા અને આ ખાઈમાં ખુદ શિવસેના ફસાઈને રહી ગઈ!!

મહારાષ્ટ્રમાં એક વર્ગ એવો છે જે ચુસ્ત હિન્દુત્વમાં માનવાવાળો છે જેને પાલી પોસીને ઉછેર કરનાર શિવસેના જ છે... શિવસેનાના સમર્થક પણ આ લોકો જ છે... પાલઘરમાં સાધુઓની નિર્મમ હત્યાનો મામલો, અર્બન ગોસ્વામીને જેલમાં નાખવો, કંગના રાનાવતનું મકાન તોડફોડ કરવી, ૩૭૦ કલમની નાબૂદીનો વિરોધ, હનુમાન ચાલીસાનો વિરોધ આવી કેટલીક બાબતોમાં ઉદ્ધવ ઠાકરેની સરકાર મૂળ શિવસેનાના સ્વભાવ વિરુદ્ધ રહી... મહારાષ્ટ્રના શિવસૈનિકોને ત્યાંની જનતા શિવસેના વિરુદ્ધ સંભળાવવા માંડી, એટલુંજ નહિ પ્રજાના પ્રતિનિધિ સમા ધારાસભ્યોને પણ પોતાના મતવિસ્તારમાં જવું અઘરું પડવા મંડ્યું!! 'શિવસેનાએ પોતાના એજન્ડા અને સ્વભાવ વિરુદ્ધ કામ કર્યું અને તે પણ સિર્ફ કોંગ્રેસ અને NCP ના કહેવાથી શિવસેના કામ કરતી રહી...', ખુમારીથી શિવાજીના ગુણગાન ગાતા શિવસૈનિકો રીતસરના અકળાયા હતા...અવારનવાર શિવસૈનિકો અને જનતાનો બળાપો શિવસેનાના ધારાસભ્યો ઉપર નીકળતો...

જ્યારથી ઉદ્ધવ ઠાકરેએ સિર્ફ સત્તા ખાતર કોંગ્રેસ અને NCP જોડે મળીને સરકાર બનાવી ત્યારથી શિવસૈનિકો નારાઝ હતા... ઉદ્ધવ ઠાકરે લોક લાગણીને સમજી ના શક્યા અને આજે પોતાનું અસ્તિત્વ પણ શિવસેનામાંથી નીકળી જાય તેવી પરિસ્થિતિ નિર્માણ થઈ ચૂકી છે!! મહારાષ્ટ્રની સરકાર પણ જશે અને શિવસેના પણ ઠાકરે પરિવારના હાથ ઉપરથી જતી રહેશે તે નિશ્ચિત છે...' તેઓ દેવેન્દ્ર ફડનનીશ કે અમિત શાહને દોષ આપતા હોય તો તે ખોટી વાત છે... તમેં જાતે જ ભૂલો કરી છે અને તમારી ભુલોનો ભાજપ રાજકીય ફાયદો ઉઠાવે તેમાં ભૂલ શિવસેના અધ્યક્ષની છે નહીં કે ભાજપની!!!

હિંદુત્વના નામે ચૂંટાવું અને પછી જનતા અને શિવસૈનિકોને છેતરીને કલ્પના બહાર કોંગ્રેસ અને NCP જોડે બેસી જવું એ ઉદ્ધવ ઠાકરેની મુર્ખતાનું પ્રદર્શન જ છે!! સત્તા મોહમાં ધૃતરાષ્ટ્ર પણ મર્યા હતા અને હવે એના એજ હાલ ઉદ્ધવ ઠાકરેના થયા છે... બાલાસાહેબ પ્રખર હિન્દુત્વવાદી શક્તિશાળી સામાજિક નેતા હતા, જ્યારે મુર્ખતાને લીધે ઉદ્ધવ ઠાકરે આજે બિચારા વામણા થઈને માતોશ્રીમાં બેઠા છે!! સંજય રાવત જેવા મહત્વકાંક્ષી નેતા પોતાની ઓળખ માટે શિવસેનાને ખાડે લઈ જઇ રહ્યા છે અને તેમના નેતા ઉદ્ધવ ઠાકરેને મૂર્ખ બનાવતા રહ્યા છે... એકનાથ શિંદે જેવા વિભીષણને તેઓએ નજરઅંદાઝ કર્યા અને આજે તેમનું પોતાનું મૂલ્ય રાવણ થઈને રહી ગયું... બસ હવે તો વિજયાદશમીનું મુરહત નીકળવાની જ વાર છે...

## વરસાદ ખેંચાતા પ્રાંતિજ સહિત તાલુકાના કિસાનોની પરિસ્થિતિ કફોડી ખર્ચા માથે પડયા

પ્રાંતિજ તા.૨૯

ચોમાસુ વહેલુ આવશે અને ૧૫ મી જૂન પછી ચોમાસાની પ્રારંભ ની મુશળધાર મેધ મહેર થશે ની તમામ આગાહીઓ અને



વાતો સાવ ખોટી પડતાં જગતનોતાત ગણાતો ખેડુત બિચારો તમામ પરિસ્થિતિઓમાં અત્યારે ઉડા નિસાસા સાથે વરસાદ ની રાહ જોઈ રહ્યો છે.

પ્રાંતિજ સહિત પોગલુ, પલ્લાચર, તાજપુર, ઓરાણ, મજરા, સલાલ, સોનાસણ, મોયદ, સાંપડ, પીલુદા સહિતના તાલુકામા ચોમાસુ ખેતીની તમામ તૈયારીઓ થઈ ચૂકી છે ડાંગરના ધરૂ પાણીની સિંચાઈ સુવિધાઓથી તૈયાર કર્યો છે શાકભાજી ના ધરૂ પણ તૈયાર કરાયા છે ખેતરો ખેડીને ચોખ્ખાચટ કરી દેવાયા છે ને વરસાદ આવતાંજ આખરી વાવણીની તમામ તૈયારીઓ કરી છે બોર ના પાણીએ ડાંગર નો ધરૂ, શાકભાજીના ધરૂ તૈયાર થઈ ગયો છે તો ચોમાસું હજુએ મોડુ બેસશે તો કિસાનોને મોટો ફટકો પડશે અને મોધાદાટ બિયારણો, ડી.એ.પી જેવા રાસાયણિક ખાતરો , દવાઓ , મોંધી ખેત મજુરી સહિત ના મોધા ખર્ચાઓનુ ભારે ભારણ પડશે તો બોર-કૂવાના પાણી પણ ઓછા થતા પશુઓ માનવો માટે વિપરીત સ્થિત નુ નિર્માણ થશે . અત્યારે તો વરસાદ નુ વાતાવરણ બને છે વાદળો ઘેરાય છે ને રાત્રે ઠંડા પવનો સાથે વાદળો વિખેરાઈ જતા લોકોને ચોમાસાના સારા કોઈ જ એંધાણ નહી દેખાતા ભાગ્ય અને ભગવાન ને દોષારોપણ કરાય છે અને પ્રાંતિજ સહિત તાલુકામા વરસાદ ખેંચાતા હાલ તો એક ટીપુ પણ ના પડતા ધરતી પુત્રો મા તૈયાર થયેલ ધરૂ અને ચોમાસુ પાકો ને લઈ ને ચિંતાના વાદળો જોવા મળે છે અને લાચાર કિસાન વરસાદ માટે પ્રભુ પ્રાર્થના પણ કરવામા આવી રહી છે અને કાગડોળે મેધરાજાની રાહ જોવાઈ રહી છે.

## દાંતીવાડા ટીડીઓની ૪ જુલાઈ સુધી બદલી નહીં થાય તો બ.કા.ના ૬૦૦ તલાટીઓ રેલી કરી ધરણાં યોજશે

પાલનપુર તા.૨૯

બનાસકાંઠા જીલ્લા તલાટી મહામંડળની દાંતીવાડા તાલુકા વિકાસ અધિકારી વિરુદ્ધ જંગ જારી છે. હવે તલાટીઓએ મહિલા ટીડીઓની બદલી કરાવવા ૪ તારીખે રસ્તા પર ઉતરવાનો નિર્ણય લીધો છે. સરકારને અલ્ટીમેટમ પાઠવીને તલાટી મહામંડળે પાલનપુરમાં ગલબા કાકાના પૂતળાથી યોજી જિલ્લા પંચાયત પહોંચી ત્યાં ધરણા કરશે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

પાંથાવાડા ગ્રામ પંચાયતના તલાટીની ઓછી વસુલાત મામલે તાલુકા વિકાસ અધિકારીએ કડક કાર્યવાહીનો નિર્ણય કરી વાર્ષિક ઈક્રીમેન્ટ અટકાવી દેતા જિલ્લાભરના તલાટીઓએ આ કડક કાર્યવાહીનો વિરોધ કરી બે દિવસથી દાંતીવાડા તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝાની બદલીની માંગ સાથે હડતાળ ઉપર ઉતરી ગયા છે.

મંગળવારના હડતાળના બીજા દિવસે જિલ્લા તલાટી મંડળના હોદ્દેદારોએ મોટી સંખ્યામાં તલાટીઓની હાજરીમાં કારોબારીની મિટિંગ યોજી હતી.આ મિટિંગમાં તાલુકા વિકાસ અધિકારીની બદલી ન થાય ત્યાં સુધી હડતાળ યથાવત રાખવા જણાવ્યું હતું. જિલ્લા તલાટી મહામંડળના પ્રમુખ મહેશ ડેલ એ જણાવ્યું હતું કે " અમે આજે જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી જુદી-જુદી ત્રણ માંગ કરી હતી જે પૈકી બે માંગનો સ્વીકાર કરવામાં આવ્યો છે જ્યારે દાંતીવાડા ટીડીઓની બદલીના હુકમ તેમના હેઠળ ન હોઈ ૩ જુલાઈ સુધી બદલી નહિ થાય તો ૪ જુલાઈએ સામૂહિક રેલી યોજી જિ. પં. કચેરી આગળ ધરણાં કરીશું.

આ હડતાલથી વસુલાતની કામગીરી, વેરા ઉતારા સહિતની પંચાયતની તમામ કામગીરીઓ બંદ રહેશે માત્ર આરોગ્ય વિષયક અને શાળાના બાળકો સંબંધિત કામગીરી કરવામાં આવશે.

### મોડાસા : રૂરલ PSI સી.એફ.રાઠોડે પિત્તો ગુમાવ્યો

# પત્રકારોને કવરેજ કરતા અટકાવી રોફમાં બોલ્યા: પત્રકાર છો તો શું થયું....!!! ફોજદારી કરંટ

**PSI સી.એફ.રાઠોડ વકીલો સામે તોછડાઈ ભર્યું વર્તન કર્યાની શાહી સુકાઈ નથી ત્યારે પત્રકારોને ગર્ભિત ધમકી આપતા પત્રકારો લાલઘૂમ : PSI રાઠોડ કાયદાનો ખોટો પાઠ પત્રકારોને ભણાવવા જતા ધરણા પર બેઠેલા લોકોમાં આક્રોશ : ધરણા પર બેઠેલા લોકોએ પત્રકારોને કહ્યું તમારી સામે સાહેબ આવું વર્તન કરે તો પછી સાહેબ અમારા જેવા અરજદારો નું શું...!!**

મોડાસા, તા. ૨૯

મોડાસા તાલુકાના મોટી ચીચણો દૂધ મંડળીમાં ભાવ ફેર ચૂકવવા અને તેમજ શેર સભાસદ બનાવવા મામલે દૂધ ઉત્પાદકોએ ડેરીની તાળાબંધી કરી દીધા પછી ગામના બે જૂથ આમને-સામને આવી ગયા છે બંને જૂથ એક બીજા પર આક્ષેપ પ્રતિઆક્ષેપ કરી રહ્યા છે દૂધ મંડળીની તાળાબંધીના પગલે મોડાસા રૂરલ પોલીસ અને તંત્ર ઘટનાસ્થળે પહોંચી સમાધાનના પ્રયાસો હાથધર્યા પછી પણ દૂધ મંડળીના તાળા બંધી યથાવત રહેતા પટેલ સમાજની મહિલાઓ અને પરિવારજનો રૂરલ પોલીસ સ્ટેશન રજુઆત કરવા પહોંચતા પીએસઆઈ સી.એફ.રાઠોડ હાજર ન હોવાથી મહિલાઓએ પોલીસ સ્ટેશન



આગળ ધરણા કરતા ત્રણ કલાક પછી પીએસઆઈ સી.એફ.રાઠોડ પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા સમગ્ર ઘટનાનું કવરેજ કરતા પત્રકારોને જોઈ PSI સી.એફ. રાઠોડ ગુસ્સે ભરાઈ પત્રકારોની કવરેજ નહીં કરવાનું જણાવી રોફ જમાવતા પત્રકારો સમસમી ઉઠ્યા હતા PSI ની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવેની માંગ પત્રકાર આલમમાં ઉઠી છે. મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પીએસઆઈ સી.એફ.રાઠોડ વકીલો સાથે દુર્વ્યવહાર કર્યા પછી હવે પત્રકારો સામે કાયદાનો ખોટો ડર બતાવી તેમની નાકામિયાબી છુપાવી રહ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે મોટી ચીચણો ગામે દૂધ મંડળીને લગાવેલ તાળું અને ગામમાં વકરેલ જૂથવાદને ડામવામાં નિષ્ફળ રહેતા એક જૂથના દૂધઉત્પાદકો સહ પરિવાર રજુઆત કરવા રૂરલ પોલીસ સુધી દોડવું પડ્યું હતું. મોટી ચીચણો ગામની મહિલા દૂધ ઉત્પાદકોએ પીએસઆઈ સી.એફ.રાઠોડની કામગીરી સામે ભારે આક્રોશ ઠાલવ્યો હતો અને ત્રણ કલાકથી નાના બાળકો સાથે પોલીસ સ્ટેશન બહાર રજુઆત કરવા આવ્યા પછી પણ સાહેબ તેમને સાંભળવા આવ્યા નથી તેમજ પોલીસ સ્ટેશન બહાર ધરણા પર બેઠેલી મહિલાઓ સામે રોફ જમાવતા રોડ પર કેમ બેઠા છો મારી પાસે મહિલા પોલીસ છે કહી ગર્ભિત ધમકી આપતા મહિલાઓ રડમશ બની ગઈ હતી અને ન્યાયની માંગના બદલે કાયદાનો ડર બતાવી રહ્યા હોવાનો આક્રોશ ઠાલવ્યો હતો

### કિન્નાખોરીમાં કોઈનું ભલું થયું નથી

## બાયડ તાલુકાને મેડીકલ કોલેજ ફાળવવામાં અન્યાય પરંતુ સમાજને ૫૦૦ થી વધુ ડોકટરોની ભેટ આપી

**એમ.ડી., એમ.એસ., કાર્ડીયોલોજીસ્ટ અનેક યુવા તબીબો રોલ મોડલ બન્યા**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૯

કોઈપણ ક્ષેત્ર હોય કિન્નાખોરીમાં કોઈનું ભલું થયું નથી તે વહેલું સમજી લેવું પડશે. બૃહદ સાબરકાંઠાની સૌથી મોટી બાયડ તાલુકાના ફતેહસિંહરાવ ગાયકવાડ હોસ્પિટલને મેડીકલ કોલેજ આપવાની તમામ તૈયારીઓ પછી છેલ્લી ઘડીએ અન્યાય થયો છે. પરંતુ બાયડ તાલુકામાં સમાજને ૭૦ થી વધુ ડૉક્ટરોની ભેટ આપી છે જેમાં એમ.ડી., એમ.એસ., કાર્ડીયોલોજીસ્ટ અનેક યુવા તબીબો મેડીકલ છાત્રો માટે રોલ મોડલ બન્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લાનો બાયડ તાલુકો, ગાંધીનગર, ખેડા અને મહિસાગરની સરહદે આવેલો છે. વર્ષોથી બાયડ તાલુકાને મેડીકલ કોલેજ મુદ્દે અન્યાય થતો આવ્યો છે અને તેના પાછળ અનેક કારણો જવાબદાર પણ છે. શ્રી કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ-વાત્રકના સંનિષ્ઠ પ્રયાસોથી મુંબઈના દાતા દ્વારા વાત્રકમાં મેડીકલ કોલેજ સ્થપાય તો માતબર દાન આપવાની જાહેરાત કરી હતી. ટ્રસ્ટીઓએ સરકારથી માંડી તંત્ર સુધી યોગ્ય પ્રયત્નો કર્યા પરંતુ છેલ્લી ઘડીએ હાથમાં આવેલો કોળીયો ટવાઈ ગયા જેવી સ્થિતિ ઉભી થઈ. આજે પણ નવરચિત અરવલ્લી જિલ્લો સરકારી મેડીકલ કોલેજથી વંચિત રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાનો રોકેટ ગતિએ વિકાસ થઈ રહ્યો છે તેમાંય બાયડનું મેડીકલ ક્ષેત્ર સમગ્ર ઉત્તર ગુજરાતમાં સૌથી સસ્તુ અને સારું સાબિત થયું છે. પરંતુ મેડીકલ કોલેજનું સ્વપ્ન હજુ પણ અધુરુ રહ્યું છે છતાં બાયડ તેમજ તેના પૂર્વ-પશ્ચિમ અને દક્ષિણ પટ્ટાએ સમાજને એમ.એસ., એમ.ડી., કાર્ડીયોલોજીસ્ટ, એમ.બી.બી.એસ., બી.એચ.એમ.એસ., બી.એ.એમ.એસ., ડેન્ટલ સહિતના ૬૦૦ થી વધુ ડૉક્ટરોની ભેટ આપી છે. બાયડ તાલુકામાંથી દર વર્ષે ૫૦ થી વધુ છાત્રો મેડીકલમાં હવે પ્રવેશ મેળવી રહ્યા છે તે જોતાં એક સમયે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની શિક્ષકોમાં બોલબાલા હતી તેવી બોલબાલા મેડીકલ ક્ષેત્રમાં જોવા મળી શકે છે.